❖ **સંશોધન માટે કઇ પદ્ધતિનો ઉપયોગ કર્યો :** પ્રસ્તુત સંશોધન માટે પ્રશ્નાવલિ વ્યકિતગત માહિતી પત્રક, અનુસૂચિ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

❖ **સંશોધન પ્રક્રિયા કઇ રીતે કરી ? :** કસોટી દ્વારા ચકાસણી- શાળામાં યોજાનાર પ્રથમ કસોટીના આધારે ગત વર્ષ અને ચાલુ વર્ષના પરિણામોની ચકાસણી બાદ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું.

❖ **માહિતીનું એકત્રીકરણ :** મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલિ, વાલીઓને કેસ સ્ટડી.

❖ **માહિતીનું પૃથકકરણ :** પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ માહિતીનું પૃથકકરણ કરવામાં આવે છે. સંશોધક સંશોધનના પ્રશ્નોમાં ઉતરો મેળવવા માટે મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરે છે.ત્યારબાદ તેનું અર્થઘટન થઇ શકે.

**પરિણામો :**

૧. સંશોધનનું કાર્ય શરૂ કર્યું ત્યારે નમુના પસંદ કરેલા વિદ્યાર્થીઓના શાળાકીય પરિણામો નબળા હતા.તેમના નબળા પરિણામમાં સુધારો લાવવા માટે તેમના વાલીઓને કેસ સ્ટડી કરી તેમના અનુસૂચિના ઉત્તરો દ્વારા જાતે ઉપાયો કર્યા.

૨. તેમાં વિદ્યાર્થીઓના શેક્ષણિક વિકાસમાં અવરાધક પરિબળો જાણવા અને જે પરિબળો અસર કરે છે તેમને દુર કરવાના પ્રયાસો કર્યા.

❖ **તારણો :**

૧. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક માહિતી તપાસતા ધોરણ ૪ અને ૫ ના કેટલાક વિદ્યાર્થીઓના  નબળા પરિણામ પાછળ આર્થિક પરિબળો જવાબદાર છે. જેમ કે પરિવારની નબળી સ્થિતિ વિદ્યાર્થીઓને પૂરતા શૈક્ષણિક સાધનોથી વંચિત રાખે છે. તેમજ ઘરેલું વાતાવરણ ઘરમાં જો શિક્ષણ પ્રત્યે અનાસકિત હોય તો વિદ્યાર્થીમાં પણ અભ્યાસ પ્રત્યે ઉત્સાહ ઘટે છે.

૨. કેટલાક વિદ્યાર્થીએ સામાજીક પરિબળો શિક્ષણમાં અવરોધ રૂપ બને છે.જેમ કે જાતિ, ધર્મ કે લિંગના આધારે ભેદભાવ પણ જોવા મળે છે.

❖ **અવલોકન :** ઓછી આર્થિક સામાજિક સ્થિતિ શૈક્ષણિક સફળતા ને ઘણી રીતે અસર જોવા મળે છે.જેમ કે તે ભાષા અને યાદ શકિતમાં ધીમા જ્ઞાનાત્મક વિકાસ સાથે સંકળાયેલા છે. મર્યાદિત નાણાકીય સંશાધનો ધરાવતા પરિબળો તેમના બાળકોને મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી શકે છે જેના કારણે  તેમના વિકાસમાં અવરોધક આવે છે.

વધુમાં તેમની પાસે પ્રોત્સાહક, રમકડા, પુસ્તકો જેવી સામગ્રીમાં રોકાણ કરવા માટે સંશોધનોનો અભાવ હોઇ શકે છે.

❖ **ભાવિ સંશોધન માટેના સૂચનો :**

- ભાવિ સંશોધન માટે ધોરણ ૪ અને ૫ના વિદ્યાર્થીઓ સિવાય અન્ય ધોરણના વધુ વિદ્યાર્થીઓ પણ લઇ શકાય છે.
- અન્ય શાળાઓનો પણ આમાં સમાવેશ કરી તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે.
- સંશોધનના અન્ય સાધનોની મદદથી પણ ભાવિ સંશોધન કરી શકાય છે.
- પ્રસ્તુત સંશોધનમાં ફકત વિદ્યાર્થીઓ અને શાળામાંથી સંશોધનપત્રોની પસંદગી કરવામાં આવી છે પરંતુ ભવિષ્યમાં થનાર સંશોધનો માટે વધુ શાળાઓમાંથી ઉપલા ધોરણના વિદ્યાર્થીઓનો પણ સંશોધનપત્રથી પસંદગી કરી અભ્યાસ હાથ ધરી શકાય છે.

---



# વિષય : વિદ્યાર્થીઓની નોટબુક શિક્ષકો નિયમિત ચકાસણી કરે છે કે કેમ તેનો અભ્યાસ

**રૂપલ એન. પટેલ**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :**

શિક્ષણ ક્ષેત્રમાં વિદ્યાર્થીની શૈક્ષણિક વિકાસ પ્રક્રિયામા નોટબુકનું મહત્વનું સ્થાન છે. નોટબુકમાં વિદ્યાર્થીઓ દ્વારા લીધેલા નોટસ,હોમવર્ક,પ્રશ્નોતરી વગેરે શૈક્ષણિક પ્રવૃતિઓનું લેખિત પ્રતિબિંબ જોવા મળેછે.

શિક્ષકો દ્વારા નોટબુકની નિયમિત ચકાસણીથી વિદ્યાર્થીની  તૈયારી, લેખન કૌશલ્ય ,અને  વિષય પર પકડ કેવી છે તેની સમજ મળે છે.

❖ **વિષયનાં શબ્દોનું અર્થઘટન :** શિક્ષણ કાર્યમાં સંકળાયેલાં વ્યકિત,જે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે અને તેમનાં શૈક્ષણિક વિકાસ માટે જવાબદાર હોય છે.